Tuesday
28.10.2025
✳Volume :10 ✳ Issue No.109
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM
Daily

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

મુંબઈમાં 'ઈન્ડિયા મેરિટાઈમ વીક ૨૦૨૫'નો કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહના હસ્તે પ્રારંભ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતની સમુદ્રિક વિરાસત અને વર્તમાન વૈશ્વિક વિકાસની પ્રભાવક પ્રસ્તુતિ કરી



:: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ::

- ગુજરાતમાં ચીપ અને શિપ બનાવવાની ઇકોસિસ્ટમ વિકસિત થઈ છે તે વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભરના સંકલ્પને બળ આપશે.
- સમુદ્રી વિકાસની છેલ્લા બે દશકની યાત્રાએ ગુજરાતને વિશ્વભરના દેશો માટે મેરિટાઇમ ગેટવે ઓફ ધ નેશન બનાવી દીધુ છે.
- રાજ્યમાં મેરિટાઈમ ઇનોવેશન, સ્કિલ ડેવલપમેન્ટ અને મેરિટાઇમ સેક્ટરની સમગ્ર ઇકોસિસ્ટમને સુદ્રઢ કરવામાં આવી રહી છે.
- દેશના કુલ કાર્ગો ટ્રાફિકના ૪૦ ટકાથી વધુનું સંચાલન ગુજરાતના બંદરો પરથી થાય છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા મેરીટાઈમ અમૃતકાલ વિઝન ૨૦૪૭ને સાકાર કરવા ગુજરાતના મેજર અને નોનમેજર પોર્ટ્સની ક્ષમતા વધારીને ૨૦૪૭ સુધીમાં ૩ હજાર MMTPA કરવાનું લક્ષ્ય.

કમલમ્

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે મુંબઈમાં ઈન્ડિયા મેરીટાઈમ વીક-૨૦૨૫ના ઉદ્ઘાટન અવસરે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતે 'સમુદ્ર સે સમૃદ્ધિ'નો માર્ગ અપનાવ્યો છે અને રાજ્યનાં પોર્ટ્સને સમૃદ્ધિનું દ્વાર બનાવ્યા છે. ભારત સરકારના પોર્ટસ, શિપિંગ એન્ડ વોટરવેઝ મંત્રાલય દ્વારા બોમ્બે એક્ઝિબિશન સેન્ટર ખાતે ૨૭થી ૩૧ ઓક્ટોબર દરમિયાન આયોજિત ઈન્ડિયા મેરીટાઈમ વીક- ૨૦૨૫ના ઉદ્ઘાટન સત્રમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના મેરિટાઈમ સેક્ટરના વિકાસની પ્રભાવક પ્રસ્તુતિ કરી હતી. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે મુંબઈમાં આ દ્વિવાર્ષિક મેગા ઈવેન્ટનો પ્રારંભ પોર્ટ્સ, શિપિંગ એન્ડ વોટરવેઝ મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલજીની તથા મહારાષ્ટ્ર, ગોવા અને ઓડિસ્સાના મુખ્યમંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં થયો હતો. આ અગ્રણી વૈશ્વિક મેરિટાઈમ ઈવેન્ટમાં ૧૦૦થી વધુ દેશોના મેરિટાઈમ ઈન્ડસ્ટ્રીના લીડર્સ, ઈનોવેટર્સ, ઈનવેસ્ટર્સ અને સ્ટેકહોલ્ડર્સ એક મંચ પર જોડાયા હતા. મુખ્યમંત્રીશ્રીએ આ સમિટના ઉદ્ઘાટન સત્રમાં ગુજરાતની સામુદ્રિક વિરાસત અને વર્તમાન વૈશ્વિકવિકાસની ગાથા પ્રસ્તુત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ચીપ અને શિપ બને વિકસાવવાની જે ઈકોસિસ્ટમ ઊભી થઈ છે તે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સંકલ્પને વેગવાન બનાવશે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શ્રીનરેન્દ્રભાઈ અને શ્રી અમિતભાઈના માર્ગદર્શનમાં ગુજરાત આજે મેરિટાઈમ એક્સલેન્સનું ગ્લોબલ લીડર બન્યું છે. જ્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારથી સમુદ્રી વિકાસની ગૌરવશાળી યાત્રાનો પ્રારંભ આજથી બેદશક પહેલા થયો હતો. તેમણે ગુજરાતને 'સમુદ્ર સે સમૃદ્ધિ'નું વિઝન આપ્યું તેના પરિણામે આજે ગુજરાત વિશ્વભરના દેશો માટે મેરિટાઈમ ગેટવે ઓફ ધ નેશન બની ગયુ છે તેમપણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, શ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શનમાં ગુજરાતે પોર્ટ્સને રોડ-રસ્તા અને રેલ નેટવર્કથી જોડીને સુદ્રઢ કનેક્ટિવિટી પૂરી પાડી છે તથા પ્રાઈવેટ સેક્ટરની ભાગીદારીને પણ પ્રોત્સહન આપ્યું છે. તેમના વિઝનથી આજે ગુજરાતના પોર્ટ્સ વ્યાપારના કેન્દ્રોની સાથે-સાથે રોજગાર, ઉદ્યોગ અને વિકાસના જીવંત કેન્દ્રો બન્યા છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની મેરિટાઈમ સેક્ટરની સિદ્ધિઓનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, ગુજરાતે દેશને પોર્ટ લેડ ડેવલપમેન્ટનું એક અનોખું અને સફળ મોડેલ આપ્યું છે. આજે ગુજરાત દેશના કુલ કાર્ગો ટ્રાફિકના ૪૦ ટકાથી વધુનું સંચાલન કરે છે. તેમણે ઉમેર્યું કે, દેશના ન્દ્ર-ન્ય્ક્ષેત્રમાં પણ ગુજરાત અગ્રેસર છે. દહેજમાં ન્દ્ર ટર્મિનલ દેશના કુલ ન્દ્ર-ન્ય્હેન્ડલિંગમાં ૮૦ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. આ ઉપરાંત, દેશના કુલજહાજ રિસાયક્લિંગના ૯૮ ટકા ગુજરાતના અલંગ શિપ રિસાયક્લિંગ યાર્ડમાં થાય છે તેમ જણાવ્યું હતું. ગુજરાતની મેરિટાઈમ ઓળખ માત્ર મોડર્ન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધી સીમિત ન રહેતા રાજ્યના પ્રાચીન વિરાસત-વૈભવ અને ગૌરવનો પણ અભિન્ન હિસ્સો રહ્યો છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુંહતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, દુનિયાના સૌથી જૂના ડોકયાર્ડ લોથલમાં વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પલેક્સનું નિર્માણ થઈ રહ્યું છે. આ પ્રોજેક્ટ વડાપ્રધાનશ્રીના વિઝન 'વિકાસ ભી-વિરાસત ભી'નું જીવંત ઉદાહરણ પણ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા મેરીટાઈમ અમૃતકાલ વિઝન ૨૦૪૭ને સાકાર કરવા ગુજરાતના મેજર અને નોનમેજર પોર્ટ્સની ક્ષમતા વધારીને ૨૦૪૭ સુધીમાં ૩ હજાર MMTPA કરવાનું લક્ષ્ય રાખ્યુ છે તેની પણ ભૂમિકા આપી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના બ્લૂ ઈકોનોમીના વિઝનને પ્રોત્સાહન આપવા અંગેના ગુજરાતના પ્રયાસો વર્ણવતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીના આ વિચારને સાકાર કરવા ગુજરાત અનેક બ્લૂ ઈકોનોમીસ્ટ્રેટેજીપર કામકરી રહ્યું છે. આ માટે મેરિટાઈમ ઈનોવેશન, સ્કિલ ડેવલપમેન્ટ અને મેરિટાઈમ સેક્ટરની સમગ્ર ઈકોસિસ્ટમને સુદ્રઢ કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાતે કોસ્ટલ કોમ્યુનિટી ડેવલપમેન્ટ અને ફીશરીઝ માટના પ્રોજેક્ટ્સનું અમલીકરણ કર્યું છે. એવીજ રીતે સાગરમાલા પ્રોજેક્ટ અંતર્ગત પોર્ટ મોર્ડનાઈઝેશન, કનેક્ટિવિટી અને સ્માર્ટ ઈન્ડસ્ટ્રિયલ પોર્ટ સિટીના પ્રોજેક્ટ્સ પર તેજ ગતિથી કાર્ય થઈ રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના શિપ રિસાયકલીંગ ઉદ્યોગની વિશેષતા વર્ણવતા જણાવ્યું કે, દુનિયાના સૌથી મોટા શિપ રિસાઈક્લિંગ યાર્ડ અલંગમાં સ્થિત ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ચાલીસ હજારથી વધુ યુવાનોનું કૌશલ્યવર્ધન પણ કરવામાં આવ્યું છે તેનાથી ભવિષ્યમાં શિપ રિસાઈક્લિંગ સેક્ટર માં રોજગાર અને સુરક્ષા પૂરી પાડશે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ ભારતને વિશ્વની ટોપ ફાઈવ શિપબિલ્ડિંગ કન્ટ્રીઝમાં સામેલ કરવાનું લક્ષ્ય રાખ્યું છે તેને અનુરૂપ ગુજરાત વર્તમાન શિપયાર્ડ્સની કેપેસિટી વધારીને કમ્પલીટ સપોર્ટિવ પોલિસી ફ્રેમવર્ક પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રીના વિકસિત અને આત્મનિર્ભર ભારત વિઝનને સાકાર કરવા માટે મેરિટાઈમ સેક્ટરનાઈફ્લૂઝિવ ગોશ્વપર ભાર મૂક્યો હતો અને મેરિટાઈમ અમૃતકાલ વિઝન ૨૦૪૭ની દિશામાં સહિયારા પ્રયાસો કરવા માટે આહવાન કર્યું હતું.

આ પ્રસંગે, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડનવીસ, ગોવાના મુખ્યમંત્રી શ્રી પ્રમોદ સાવંત, ઓડિશાના મુખ્યમંત્રી શ્રી મોહનચરણ માંઝી, કેન્દ્રીય રાજ્ય મંત્રીશ્રી શાંતનુ ઠાકુર, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી સર્વશ્રી એકનાથ શિંદે તથા શ્રી અજિત પવાર તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની કચેરીની સરપ્રાઈઝ વિઝીટ કરી: અધિકારીઓ-કર્મચારીઓને આપ્યું માર્ગદર્શન

ખોરાકમાં ભેળસેળ કરતા લોકોને બક્ષવામાં નહીં આવે, ચેતવણી આપતા મંત્રીશ્રી પાનશેરીયા

આગામી સમયમાં આરોગ્ય તંત્રમાં મેગા સ્વચ્છતા અભિયાન હાથ ધરાશે

કમલમ્ ગાંધીનગર

રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ(રાજ્ય કક્ષા સ્વતંત્ર હવાલો) મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ નવ વર્ષના કામગીરીના પ્રથમદિવસે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સરપ્રાઈઝ વિઝીટ કરી હતી. મંત્રીશ્રીએ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓને માનવતા, આધ્યાત્મિકતા સાથે લોકોની સેવા કરવા માર્ગદર્શન આપ્યું હતું.

મંત્રીશ્રીએ વિભાગની તમામ શાખાઓની મુલાકાત લઈ કર્મચારીઓ સાથે સંવાદ કર્યો હતો. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્તા અને કર્મને એકમેકમાં ભળી લોક સેવાના હેતુથી સેવા અને સમર્પણ થકી કામગીરી કરવાની પ્રેરણા આપી છે ત્યારે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે આરોગ્ય વિભાગની ઉત્તમ કામગીરી નિભાવી, જેને આગળ ધપાવતા આગામી દિવસોમાં સમગ્ર આરોગ્ય વિભાગના કર્મીઓ સહકારની ભાવનાથી કર્મ કરી ગુજરાતની આરોગ્ય સેવાઓને સમગ્ર રાષ્ટ્રમાં પ્રથમ ક્રમાંકે પહોંચાડશે. કોરોના જેવી મહામારીમાં પણ ભારતના આરોગ્યતંત્રએ પરિશ્રમ અને સ્વયંસુઝથી તાત્કાલિક સુવિધાઓ વિકસાવી ઉત્તમ કામગીરી કરી હતી ત્યારે આગામી દિવસોમાં આરોગ્ય વિભાગનવા સંશોધનોની કામગીરીસાથે ટંગમેનેજમેન્ટ પર પણ ધ્યાન આપશે. દર્દી નારાયણની આત્મીયતાપૂર્વક સેવાઓને પ્રાધાન્ય આપવામાં આવશે. મંત્રીશ્રીએ ભેળસેળ કરનારા તત્વોને ચેતવણી આપતા કહ્યું હતું કે, ખોરાકમાં ભેળસેળ કરનાર એક પણ વ્યક્તિને બક્ષવામાં નહીં આવે. આવા ભયંકર પાપ કરનારા લોકો સુધરી જાય નહીંતર આગામી દિવસોમાં તેના પર પણ કાર્યવાહી કરવામાં આવશે. આ સાથે જ આગામી દિવસોમાં આરોગ્ય વિભાગના સિવિલ હોસ્પિટલથી માંડી સી.એસ.સી., પી.એચ.સી. તથા તમામ આરોગ્ય કેન્દ્ર ખાતે પણ મેગા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવશે. માર્ગદર્શક મુલાકાતની તકે અગ્ર સચિવ શ્રી ધનંજય દ્વિવેદી, આરોગ્ય કમિશનર (ગ્રામ્ય) ડો. રતનકંવર ગઢવીચરણ, આરોગ્ય કમિશનર (શહેર)શ્રી હર્ષદ પટેલ સહિત આરોગ્ય વિભાગના તમામ અધિકારીઓ-કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

ભારત સરકારના સ્પેશિયલ ઝુંબેશ ૫.૦ હેઠળ કાર્યક્ષમતા, પારદર્શિતા અને ડિજિટલ ગવર્નન્સ પર કેન્દ્રિત પ્રયાસોને અનુરૂપ, કાયદા અને ન્યાય મંત્રાલયનો કાનૂની બાબતોનો વિભાગ (DLA) કાનૂની માહિતી વ્યવસ્થાપન અને બ્રીફિંગ સિસ્ટમ (LIMBS)ને જાહેર નાણાકીય વ્યવસ્થાપનસિસ્ટમ (PFMS) સાથેસંકલિતકરીને પ્રક્રિયાગત સરળીકરણમાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ સિદ્ધિ હાંસલ કરી રહ્યો છે. આ સુધારો વકીલ ફી વિતરણની સમગ્ર પ્રક્રિયાના ડિજિટાઇઝેશનને સક્ષમ બનાવીરહ્યો છેઅને સરકારનીવ્યાપક પહેલ, જેમ કે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અને ડિજિટલ ઈન્ડિયાનો મુખ્ય ઘટક છે. અગાઉ, વકીલોને ફી ચુકવણીમાં ભૌતિક પ્રક્રિયા, મેન્યુઅલ ચકાસણી અને પે એન્ડ એકાઉન્ટ્સ ઓફિસમાં હાર્ડ કોપી સબમિટ કરવાનો સમાવેશ થતો હતો, જેના પરિણામે ઘણીવાર વિલંબ અને વધુ પડતું કાગળકામ થતું હતું. અદ્યતન ઈ-બિલ મોડ્યુલ હવે કાયદા અધિકારીઓ અને પેનલ એડવોકેટ્સને ફી વિતરણની સંપૂર્ણ ઈલેક્ટ્રોનિક પ્રક્રિયાને સક્ષમ બનાવેછે, જે મેન્યુઅલ કાગળકામ અને અગાઉ સિસ્ટમની લાક્ષણિકતા ધરાવતા વિલંબને દૂર કરે છે. આ પહેલ એકરૂપતા, સમયસર પ્રક્રિયા અને ચુકવણીઓનું વિતરણ સુનિશ્ચિત કરે છે, જ્યારે મંત્રાલયો અને વિભાગોમાં ડિજિટલ રેકોર્ડ-કીપિંગને પણ મજબૂત બનાવે છે. ઈ-બિલ મોડ્યુલમાં વધુ સુધારા સાથે LIMBS પ્લેટફોર્મ પર કાયદા અધિકારીઓ અને પેનલ એડવોકેટ્સ દ્વારા જનરેટ કરાયેલા બિલ હવે ડિજિટલ વેરિફિકેશન, મંજૂરી અને ચુકવણી માટે PFMSમાં સીમલેસ રીતે ટ્રાન્સમિટ કરવામાં આવે છે. આ એકીકરણથી સમગ્ર પ્રક્રિયા પેપરલેસ બની છે - પ્રક્રિયા સમય ઘટાડીને, રીઅલ-ટાઇમ બિલ ટ્રેકિંગને સક્ષમ બનાવે છે અને માનવ ભૂલ દૂર કરે છે. દરેક દાવા માટે એક ક્લેમ રેફરન્સ નંબર (CRN) જનરેટ થાય છે, જે વહીવટી એકમોને રીઅલ ટાઇમમાં પ્રગતિનું નિરીક્ષણ કરવાની મંજૂરી આપે છે.

સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી અંતર્ગત સુચારુ આયોજન માટે જિલ્લા કલેકટરશ્રી યોગેશ નિરગુડેના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

કમલમ્,

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે દાહોદ જિલ્લામાં રાષ્ટ્રવ્યાપી 'યુનિટી માર્ચ' જન અભિયાનના ભાગરૂપે પદયાત્રા સહિતના વિવિધ કાર્યક્રમોના સુચારુ આયોજન માટે જિલ્લા કલેક્ટર શ્રી યોગેશ નિરગુડેના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર શ્રીએ જિલ્લાના પ્રાંત અધિકારી શ્રીઓ, મામલતદારશ્રીઓ, ટીડીઓશ્રીઓ અને નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી સહિત સંબધિત વિભાગના અધિકારીઓ કર્મચારીઓનેસરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે પદયાત્રા પદયાત્રા નો રૂટ, સરદાર સ્મૃતિ વનની માટે જગ્યા પસંદગી શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓ સહિતના આયોજન માટે તાલુકા કક્ષાએ પદઅધિકારીઓ, સંગઠનો, અને એનજીઓસહકારી સંસ્થાઓ, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ, ઔદ્યોગિક સંગઠનો, ઔદ્યોગિક એકમો, વાણિજય સંગઠનો અને સ્વૈચ્છિક સંગઠનો સાથેબેઠક યોજી કાર્યક્રમનું આયોજન કરવા સૂચના આપવામાં આવી હતી. બેઠકમાં કલેક્ટરશ્રી યોગેશનિરગુડે જણાવ્યું હતું કે, 'સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત વિધાનસભા દીઠ એક પદયાત્રાનું આયોજન કરાશે, જે માંથી એક પદયાત્રા જિલ્લા કક્ષાની રહેશે. પ્રત્યેક પદયાત્રા ૮ થી ૧૦ કિલોમીટરની રહેશે અને તેમાં વિવિધ સામાજિક સંસ્થાઓ સહિત મોટી સંખ્યામાં નાગરિકો જોડાશે. પદયાત્રા પૂર્વે 'સરદાર સ્મૃતિવન'ની સ્થાપના કરાશે, જેમાં 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ વૃક્ષો વાવવામાં આવશે.

આ ઉપરાંત, એન.એસ.એસ. કેમ્પનું આયોજન, મહાનુભાવોની પ્રતિમાઓની સફાઈ, સ્વચ્છતા અભિયાન, વ્યસનમુક્તિ અભિયાન અંતર્ગત પ્રતિજ્ઞા અને યોગ તથા આરોગ્ય શિબિરો યોજાશે. 'સ્વદેશી ભારત આત્મનિર્ભર ભારત'હેઠળ સ્વદેશી મેળાનુંપણ આયોજન કરવાસૂચન કરવામાંઆવ્યા હતા. દરેક શાળા-કોલેજના વિદ્યાર્થીઓએકતા શપથ અભિયાન અંતર્ગત એકતા શપથ લેશે. નાગરિકો માટેયોગ શિબિરનું પણ આયોજન કરાશે. શાળા કક્ષાએ વકૃત્વ સ્પર્ધા નિબંધ સ્પર્ધા અને પોસ્ટર સ્પર્ધા જેવી પ્રવૃત્તિઓ આયોજન કરવામાં શિક્ષણ વિભાગના અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી.

આ બેઠકમાં અધિક નિવાસી કલેક્ટરશ્રી જે.એમ.રાવલ, પ્રાંત અધિકારીશ્રીઓ, નગર પાલિકાના ચીફ ઓફિસરશ્રીઓ, મામલતદાર શ્રીઓ સહિત સંબધિત વિભાગના અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા તેમજ, , મામલતદારશ્રીઓ, ટીડીઓશ્રીઓ, વર્ચ્યુઅલી જોડાયા હતા

રાષ્ટ્રીય એકતા દિવસ-૨૦૨૫ : સરદાર સાહેબની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી

ગુજરાતના પોલીસ મહાનિર્દેશક શ્રી વિકાસ સહાયની અધ્યક્ષતામાં એકતાનગર VVIP સર્કિટ હાઉસ ખાતે રાષ્ટ્રીય એકતા પરેડ અંગે સમીક્ષા બેઠક યોજાઈ

એકતાનગર ખાતે યોજાનાર બે દિવસીય કાર્યક્રમ દરમિયાન સુરક્ષા વ્યવસ્થા, ટ્રાફિક સંચાલન, આમંત્રિતતોને કાર્યક્રમ સ્થળ સુધી લઈ જવા તેમજ વાહન પાર્કિંગની વ્યવસ્થા અંગે જિલ્લા વહીવટ તંત્રના અધિકારીશ્રીઓ સાથે જરૂરી ચર્ચા કરી

કમલમ્, રાજપીપલા,

એકતાનગર ખાતેઆગામી તારીખ ૩૦ અને ૩૧ મી ઓક્ટોબર -૨૦૨૫ના રોજ સરદાર સાહેબની ૧૫૦મી જન્મ જયંતિના અવસરે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા દિવસની ભવ્ય ઉજવણી થનાર છે. જેના સંદર્ભે સુરક્ષા વ્યવસ્થાની કામગીરી અને વિવિધ સમિતીઓ દ્વારા કરવામાં આવી રહેલી પૂર્વ તૈયારીઓની સમીક્ષા અર્થે ગુજરાતના પોલીસ મહાનિર્દેશક શ્રી વિકાસ સહાયની અધ્યક્ષતામાં VVIP સર્કિટહાઉસ એકતાનગરના કોન્ફરન્સ હોલમાં બેઠક યોજાઈ હતી. એકતાનગર વીવીઆઈપી સર્કિટ હાઉસ ખાતે પોલીસ મહાનિર્દેશક શ્રી વિકાસ સહાય આવી પહોંચતા ગાર્ડ ઓફ ઓનર સાથે પોલીસ જવાનો દ્વારા તેઓનુંસ્વાગતકરવામાંઆવ્યું હતું. બાદમાં પોલીસ વિભાગ, રેન્જ આઈજી સ્ટેચ્યૂ ઓફ યુનિટી અને જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓએ સ્વાગતકર્યું હતું. આ બેઠક દરમિયાન પોલીસ મહાનિર્દેશક શ્રી વિકાસ સહાયે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં સહભાગી થનારા વીવીઆઈપીના રહેઠાણની આસપાસની સુરક્ષા વ્યવસ્થા અને સાફ-સફાઈની કાળજી રાખવા પર ખાસભાર મૂક્યો હતો. સાથે એકતા પરેડમાં પ્રદર્શિત થનાર ટેબ્લોની કામગીરી સત્વરે પૂર્ણ કરવાતથા આ કામગીરીનું સતત ઓબ્જર્વેશન થાય તે માટેજવાબદાર અધિકારીઓની નિમણૂંક કરવી, ટેબ્લો માટે બોલાવેલા ખાસડ્રાઈવર્સને લાવવા-પરતજવાની વ્યવસ્થા અને રહેઠાણ અંગે પણ જરૂરી ચર્ચા કરી હતી. જિલ્લા પોલીસ અધિક્ષક શ્રીમતી વિશાખા ડબરાલ દ્વારા પાવરપોઈન્ટ પ્રેસન્ટેશનના માધ્યમથી તા. ૩૦મી અને ૩૧મી ઓક્ટોબર બંને દિવસની પોલીસ બંદોબસ્ત, સમગ્ર એકતાનગરની સુરક્ષા વ્યવસ્થા, આમંત્રિતોને કાર્યક્રમ સ્થળ સુધી લઈ જવા માટે કાર અને બસની સુવિધા, ટ્રાફિક મેનેજમેન્ટ, પાર્કીંગ અને વાહન વ્યવહારના રૂટ સહિતના આયોજન અંગેની વિગતવાર જાણકારી આપી હતી.

આ બેઠક દરમિયાન માર્ગ અને મકાન વિભાગ, વીજ વિભાગ, એકોમોડેશન કમિટી, પાણી પુરવઠા, આરોગ્ય વિભાગ, ટેબ્લોની કામગીરી અને ફાયર વિભાગ દ્વારા કરવાની કામગીરી અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં ભાગ લેવા માટે ઉપસ્થિત થનારા વીવીઆઈપી, લબાસણાના તાલીમાર્થીઓ તથા નાગરિકોના આગમન, રહેઠાણ અને પરત જવાની વ્યવસ્થા તેમજ ભોજનઅને નાસ્તાનીસુવિધાઅંગે પણ વિગતવાર ચર્ચાકરવામાંઆવી હતી. પ્રવાસન વિભાગતેમજ યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા થનારા સાંસ્કૃતિક કાર્યક્રમો અને તેમના કલાકારોને લગતી તમામ આનુસંગિક સુવિધા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. પોલીસ મહાનિર્દેશકશ્રી વિકાસ સહાયે જિલ્લા વહીવટી તંત્ર અને વિવિધ સમિતિઓદ્વારા થઈ રહેલી કામગીરીથી સંતોષની લાગણી વ્યક્ત કરી હતી અને સવારે પરેડ ગ્રાઉન્ડ સ્થળે કરેલી મુલાકાત દરમિયાન ધ્યાને આવેલી કેટલીક બાબતોમાં જરૂરી સુધારા કરવા અંગેપણ માર્ગદર્શન પુરૂપાડ્યુંહતું. આ બેઠકમાં વડોદરા રેન્જ આઈજી શ્રી સંદિપ સિંઘ, BSF ના અધિકારીશ્રી ભૂપેન્દ્ર સિંહ, જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે.મોદી, સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારીશ્રી અમિત અરોરા, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રીમતી વિશાખા ડબરાલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર.વી.વાળા, પ્રાયોજના વહીવટદાર સુશ્રી અંચુ વિલ્સન, નાયબ વન સંરક્ષકશ્રી અગ્નિશ્વર વ્યાસ, સ્ટેચ્યુ ઓફ યુનિટીના અધિકકલેક્ટર શ્રી ગોપાલ બામણીયા, રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવણીની વિવિધ સમિતીના સભ્યો, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભારતના રાષ્ટ્રપતિએ ગાઝિયાબાદના ઈન્દિરાપુરમ માં યશોદા મેડિસિટીનું ઉદ્ઘાટન કર્યું

સારી ખાનગી ક્ષેત્રની આરોગ્યસંભાળ સંસ્થાઓ સ્વસ્થ અને વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં અમૂલ્ય યોગદાન આપી શકે છેઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ

આરોગ્યસંભાળ સંસ્થાઓએ તબીબી જવાબદારીની સાથે સામાજિક જવાબદારીને પણ પ્રાથમિકતા આપવી જોઈએઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ

કમલમ્,

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદના ઈન્દિરાપુરમ ખાતે યશોદામેડિસિટીનું ઉદ્ઘાટન કર્યું. આપ્રસંગેરાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે આરોગ્યસંભાળરાષ્ટ્રનિર્માણનો એક અભિન્ન ભાગ છે. લોકોને રોગોથી બચાવવા અને તેમના સ્વાસ્થ્યમાં સુધારો કરવો એ સરકારની પ્રાથમિકતા છે. આ માટે, દેશભરમાં આરોગ્ય અને તબીબી માળખાગત સુવિધાઓ, સંસ્થાઓ અને સેવાઓનો સતત વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કેઆવાતમામપ્રયાસો નિઃશંકપણે સ્વસ્થ અને વિકસિત ભારતના નિર્માણમાં ફાળો આપશે. સરકાર, અન્ય તમામ હિસ્સેદારોસાથે, આ પ્રયાસોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેથી, આરોગ્યસંભાળ સેવાઓનો વિસ્તાર કરવાની અને દેશના તમામ ક્ષેત્રોમાં ગુણવત્તાયુક્ત સેવાઓ ઉપલબ્ધ થાય અને કોઈ પણ નાગરિક અસરકારક આરોગ્યસંભાળથી વંચિત ન રહે તેસુનિશ્ચિત કરવાની જવાબદારી તમામ હિસ્સેદારોની છે. સારી ખાનગી ક્ષેત્રની આરોગ્યસંભાળ સંસ્થાઓ આ લક્ષ્યને પ્રાપ્ત કરવામાં અમૂલ્ય યોગદાન આપી શકે છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે યશોદા મેડિસિટી આરોગ્યસંભાળ ક્ષેત્રમાં ગેમ-ચેન્જર બનશે. રાષ્ટ્રપતિએ એ જાણીને આનંદ થયો કે કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન, યશોદા હોસ્પિટલ્સે મોટી સંખ્યામાં લોકોની સારવાર કરીઅને રાષ્ટ્રીય ક્ષય રોગ નાબૂદી કાર્યક્રમજેવી રાષ્ટ્રીયપ્રાથમિકતાઓને ખંતપૂર્વક અનુસરી. તેમણે સંસ્થાને સિકલ સેલ એનિમિયા સંબંધિત રાષ્ટ્રીય ઝુંબેશમાં યોગદાન આપવા વિનંતી કરી. તેમણે હોસ્પિટલના હિસ્સેદારોને કેન્સરની સારવાર પર સંશોધન કરવા અને અન્ય સંસ્થાઓ સાથે સહયોગ કરવાની પણ સલાહ આપી. રાષ્ટ્રપતિએ કહ્યું કે આરોગ્યસંભાળ સંસ્થાઓએ તબીબી જવાબદારી ઉપરાંત સામાજિક જવાબદારીને પણ પ્રાથમિકતા આપવી જોઈએ.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે યશોદા મેડિસિટી "બધા માટે સસ્તું વિશ્વ-સ્તરીય આરોગ્યસંભાળ" પૂરું પાડવાના તેના મિશનને પૂર્ણ કરશે. તેમણે જણાવ્યું હતું કે ખાનગી અને જાહેર બંને ક્ષેત્રોની ઉત્તમ આરોગ્યસંભાળ સંસ્થાઓના સહયોગથી, ભારત વૈશ્વિક આરોગ્યસંભાળ કેન્દ્ર તરીકે વધુ ઓળખ મેળવશે.

લોહ પુરુષ સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી એકતાનગર સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કરાશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા 'રાજય અનેક-રાષ્ટ્ર એક, સમાજ અનેક-ભારત એક, ભાષા અનેક-ભાવ એક, રંગ અનેક-તિરંગા એક'ના મંત્રને 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવના સાથે સાકાર કરવામાં આવશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી રાષ્ટ્રીય એકતા દિવસની શાનદાર ઉજવણીમાં માર્ગદર્શન આપશે

કમલમ્,

અખંડ ભારતના શિલ્પી લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મીજન્મજયંતિ ૩૧ ઓક્ટોબરનીએકતાનગર સ્ટેચ્યુ ઓફ યુનિટીખાતે 'એક ભારતશ્રેષ્ઠ ભારત'ની ભાવના ઉજાગર કરતી ઉજવણી કરવામાં આવશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશભરમાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે દર વર્ષે વડાપ્રધાનશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમો યોજવામાં આવે છે. આ વર્ષે સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતિ વર્ષના ઉપલક્ષ્યમાં રાષ્ટ્રીય એકતા દિવસની શાનદાર અનોખી ઉજવણીનું બહુવિધ આયોજન કરવામાંઆવ્યું છે. નવી દિલ્હીમાંદર વર્ષેપ્રજાસત્તાક દિવસ ૨૬મી જાન્યુઆરીએ યોજાતી પરેડની પેટર્ન પર જ આ વર્ષે ૩૧ ઓક્ટોબરે એકતાનગર ખાતે મુવિંગ પરેડ યોજવામાં આવશે. મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી અને પોલીસ મહાનિદેશક શ્રી વિકાસ સહાયે આ ભવ્ય ઉજવણીના સમગ્ર કાર્ય આયોજન અંગેની વિસ્તૃત ભૂમિકા આપીહતી. તેમણે કહ્યું કે, રાષ્ટ્રીય એકતા દિવસની આ પરેડમાં BSF, CISF, ITBP, CRPF, SSB, J&K, પંજાબ, આસામ, ત્રિપુરા, ઓડિશા, છત્તીસગઢ, કેરાળા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને દ્રઝઝ મળીને કુલ ૧૬ કન્ટીજન્ટ્સ સહભાગી થશે. એટલું જ નહિં, ઓપરેશન સિંદૂરના BSFના૧૬ પદકવિજેતા અને CRPFનાપાંચ શૌર્ય ચક્ર વિજેતાબહાદુર જવાનો પણ આ પરેડમાં ખુલ્લી જીપ્સીમાં જોડાશે. આ પરેડનું નેતૃત્વ વિવિધ રંગબેરંગી વેશભૂષા અને અલગ-અલગ વાજિંત્રો સાથે હેરાલ્ડીંગ ટીમ(Heralding Team)ના ૧૦૦જેટલા સદસ્યોકરવાના છે. એકતા પરેડમાં કર્ણપ્રિય સુરાવલિઓ રેલાવતા ૯ બેન્ડ કન્ટીજન્સ પણ જોડાવાનાછે. ઉપરાંત રાજ્યકક્ષાએ વિજેતાથયેલા ગુજરાતના બે સ્કૂલ બેન્ડ તથા રાષ્ટ્રીય કક્ષાએ આયોજિત સ્કૂલબેન્ડ સ્પર્ધામાં વિજેતા બે સ્કૂલ બેન્ડ મળીને ચાર સ્કૂલ બેન્ડ દ્વારા બેન્ડ ડિસ્પ્લે પણ થવાના છે. મુખ્ય સચિવશ્રી અને પોલીસ મહાનિદેશકશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓને લાલ કિલ્લાની પ્રાચીરથી આપેલો મંત્ર 'રાજય અનેક રાષ્ટ્ર એક, સમાજ અનેક ભારત એક, ભાષા અનેક ભાવ એક અને રંગ અનેક તિરંગો એક'ને ચરિતાર્થ કરતા કાર્યક્રમો આ એકતા પરેડઅને રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીને વધુ ગરિમામય બનાવશે. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક મંત્રાલયના ઉપક્રમે દેશના વિવિધરાજ્યોની સાંસ્કૃતિક વિરાસતોની ઝાંખી કરાવતા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ આ અવસરે યોજાશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સરદાર સાહેબની પ્રતિમાની પદ પૂજા કર્યા પછી પરેડ અને વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા આવશે ત્યારે તેમને કેન્દ્રીય સુરક્ષા દળો અને ગુજરાત પોલીસની કંટીજન્ટ્સદ્વારા ગાર્ડઓફ ઓનર અપાશે અને સમગ્ર કાર્યક્રમનો શાનદાર પ્રારંભ થશે. આ પરેડમાં 'એકત્વ' થીમ આધારિત વિવિધ ટેબ્લોઝનું જે નિદર્શન થવાનુંછે તેમાં જુદા જુદા રાજ્યો અને CAPF દ્વારા પોતાની વિશેષતાઓ અને સિદ્ધિઓ દર્શાવતા ૧૦ ટેબ્લો પ્રસ્તુતકરવામાં આવશે. NDRF, NSG, જમ્મુકાશ્મીર, આંદામાન એન્ડ નિકોબાર, પુડુચેરી, મહારાષ્ટ્ર, ગુજરાત, મણીપુર, છત્તીસગઢ અને ઉત્તરાખંડ દ્વારા આ ટેબ્લોઝ રજૂ થવાના છે. આ ઉપરાંત, ભારતીય વાયુસેના દ્વારાઓપરેશન સૂર્યકિરણ અન્વયેફ્લાય પાસ્ટ તથા CRPF અને ગુજરાત પોલીસની મહિલા કર્મચારીઓ દ્વારાસંયુક્ત રાયફલ ડ્રીલ, NSG દ્વારા હેલ માર્ચ, આસામ પોલીસ દ્વારા મોટરસાયકલ ડેરડેવિલ શો તેમજ BSF ના ઈન્ડિયન બ્રીડનો ડોગ શો, CISF અને ITBPની મહિલા કર્મીઓ દ્વારા ટ્રેડિશનલ માર્શલ આર્ટ, SSB દ્વારા બેન્ડ ડિસ્પ્લે અને NCC કેડેટસ પણ લોકોના આકર્ષણનું કેન્દ્ર બનશે. તેમણે ઉમેર્યું કે, વધુને વધુલોકો આ એકતા પરેડ નિહાળી શકે તેહેતુસર આ વર્ષે બેઠક વ્યવસ્થામાં પણ વધારો કરવામાં આવ્યો છે અને ૧૧,૫૦૦થી વધુ લોકો પરેડ નિહાળી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આ ઉપરાંત સ્ટેચ્યુ ઓફ યુનિટી દ્વારા રાષ્ટ્રીય એકતા દિવસ પોર્ટલ પણ લોન્ચ કરવામાં આવ્યું છે તેના પર ઓનલાઈન રજીસ્ટ્રેશનથી કોઈપણ વ્યક્તિ આ એકતા પરેડના કાર્યક્રમોમાં જોડાઈ શકે છે. મુખ્ય સચિવશ્રી અને પોલીસ મહાનિદેશકશ્રીએ કહ્યું કે, દર વર્ષે રાષ્ટ્રીય એકતા દિવસના ઉપલક્ષ્યમાં કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગ દ્વારા આરંભ કાર્યક્રમનું આયોજન એકતાનગર ખાતે કરવામાં આવે છે. આ વર્ષે આ કાર્યક્રમમાં લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ફોર એડમિનિસ્ટ્રેશન-LBSNAAના ૬૬૦ જેટલાપ્રશિક્ષણાર્થીઓ ભાગ લેવાના છે. સરદાર સાહેબના જીવનકવનને ઉજાગર કરતી નાટ્ય પ્રસ્તુતિ 'લોહપુરુષ' પણ આ પ્રસંગે નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા દ્વારા ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલયના ઉપક્રમે રજૂ કરવામાં આવશે. શ્રી પંકજ જોશી અને શ્રી વિકાસ સહાયે ઉમેર્યું કે, આ વર્ષે પ્રકાશ પર્વદિવાળી, નૂતન વર્ષ અને સરદાર સાહેબની જન્મજયંતિ ઉજવણીની ત્રિવેણીરૂપે રાજય સરકાર દ્વારા ૧૭ ઓક્ટોબરથી ૧૫ નવેમ્બર દરમિયાન એકતાનગર ખાતેપ્રકાશપર્વઅન્વયે દરરોજ સાંજે ૭થી ૧૧ વાગ્યા સુધી સૌંદર્યમય લાઈટિંગ અને સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળી શકાશે. આ હેતુસર એકતાનગર ખાતેની વેલી ઓફ ફ્લાવર્સ જવા માટેના માર્ગને ૧૩ થીમ આધારિત ઝોનમાં વિભાજિતકરવામાં આવ્યો છે અને દરેક ઝોનમાં સિલીંગ લાઈટ, રોડ સાઈડ ઈલ્યુમિનેશન આર્ટીકલ્સ તથા ફોટો-સેલ્ફી પોઈન્ટ્સઊભા કરવામાંઆવ્યાછે. લોહપુરુષસરદાર પટેલેએક અને અખંડ ભારતનુંનિર્માણ કર્યુંછે તેને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'એકભારત શ્રેષ્ઠ ભારત'ના મંત્રથી વધુસુદ્રઢ રાષ્ટ્ર બનાવ્યુંછે. સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતિના આ વર્ષે એકતાનગર ખાતે ૧ થી ૧૫ નવેમ્બર દરમિયાન ભારત પર્વ૨૦૨૫નું પણ ભવ્ય આયોજન કરવામાંઆવ્યુંછે. મુખ્ય સચિવશ્રી અને પોલીસમહાનિદેશકશ્રીએ આ આયોજનની વિસ્તૃત વિગતો આપતાકહ્યું કે, અનેકતામાં એકતા એ જ આપણી વિશેષતાનો ભાવ પ્રદર્શિત કરતી સંસ્કૃતિની ઝલક એક જ સ્થળેથી નિહાળવાની તક આ પર્વમાં લોકોને મળવાની છે. તેમણે ઉમેર્યું કે, આ ૧૫દિવસ દરમિયાન ૪૫ ફૂડસ્ટોલ, ૫૫હસ્તકલા અને હેન્ડલૂમ સ્ટોલ, વિવિધ રાજ્યોના પેવેલિયન્સઅને ૨૮રાજ્ય તેમજ ૮ કેન્દ્રશાસિત પ્રદેશોના સાંસ્કૃતિક પ્રદર્શનો યોજાવાના છે. ભારતપર્વ-૨૦૨૫ અંતર્ગત ૧ થી ૧૫ નવેમ્બર દરમિયાન દરરોજ સાંજે દેશના જુદાજુદા રાજ્યોની સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ, પરંપરાગત કલા-સંસ્કૃતિને ઉજાગર કરશે. આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાજીની પણ આ વર્ષે ૧૫૦મી જન્મજયંતિ ઉજવાઈ રહી છે તેના ઉપલક્ષ્યમાં એકતાનગર ખાતે બિરસા મુંડા જયંતિએ વિશેષ પ્રસ્તુતિ યોજાવાની છે. આ સાથે જ વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પરંપરાગત ખાનપાન વ્યંજનો પીરસતા ૪૫ ફૂડ સ્ટોલ અને એકલાઈવ સ્ટુડિયો કિચનનું પણ આયોજન છે. મુખ્ય સચિવશ્રી અને પોલીસ મહાનિર્દેશકશ્રીએ ઉમેર્યું કે, ભારત પર્વની ડેમ વ્યુ પોઈન્ટ-૧ ખાતે થનારી ૧૫ દિવસીય ઉજવણીના સમાપને SoU ખાતે સાયકલોથોન ઈવેન્ટ યોજાશે તેમાં ૧૬ નવેમ્બરે ભારત અને ગુજરાત સરકારના વિશેષ મહાનુભાવો સાથે સાયકલિંગ ફન રાઈડ અને ૧૭નવેમ્બરે ગુજરાત સરકારના રમતગમત વિભાગના સહયોગથી સાયક્લોથોન સ્પર્ધાનું આયોજન કરાશે. આ સ્પર્ધામાં દેશભરમાંથી અંદાજે પાંચ હજાર સાયકલ ચાલકો સહભાગી થશે. તેમણે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાનારા આ રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવણી કાર્યક્રમઓને આખરીઓપ આપી દેવાયો છે અને એકતાનગર ખાતે પ્રકાશપર્વ તો દીપાવલીના તહેવારો દરમિયાન લાખો લોકોનું આકર્ષણ બન્યું છે. મુખ્ય સચિવશ્રી અને પોલીસ મહાનિદેશકશ્રીએ કહ્યું કે, રાષ્ટ્રીય એકતા દિવસની આ ગરિમામય ઉજવણી જન-જનમાં રાષ્ટ્રપ્રેમ બળવત્તર બનાવીને નેશન ફર્સ્ટનો ભાવ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ઉજાગર કરનારો અનેરો ઉત્સવ બનશે.

મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીનું માદરે વતન નાના સુરકા ગામે ભવ્યાતિ ભવ્ય સન્માન કરવામાં આવ્યું

મંત્રીશ્રીએ માતૃભૂમિને શીશ નમાવીને પ્રણામ કર્યા બાદ ગામના વિવિધ મંદિરોમાં દર્શન કરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા

ગામની બહેન-દીકરીઓ દ્વારા મંત્રીશ્રીને કુમકુમ તિલક કરીને ઘોડા પર સવાર કરાવી રેલી સ્વરૂપે સન્માન સમારોહ સ્થળે લઈ જવામાં આવ્યા

કમલમ્,

ભાવનગરના ધારાસભ્ય શ્રી જીતુભાઈ વાઘાણી પુનઃ કેબિનેટ મંત્રી બનતા સમગ્ર ભાવનગર શહેર અને જિલ્લામાં ઉત્સાહનો માહોલ છવાયો છે. આ ખુશીના પગલે ઠેર ઠેર તેમનું સન્માન કરવામાં આવી રહ્યું છે, ત્યારે તેમના માદરે વતન નાના સુરકા ગામે ગ્રામજનો દ્વારા ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કેબિનેટ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી નાના સુરકા ગામે પહોંચતા જ તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે માતૃભૂમિને શીશ નમાવીને પ્રણામ કર્યા બાદ ગામના નાના-મોટા મંદિરોમાં દર્શન કરીને આશીર્વાદ લીધા હતા. આ પ્રસંગે નાના સુરકા ગામના ગ્રામજનોમાં અનેરો ઉત્સાહ અને થનગનાટ જોવા મળ્યો હતો. સન્માન સમારોહમાં સાંસદ શ્રી નિમુબેન બાંભણીયા, ધારાસભ્ય શ્રી સેજલબેન પંડ્યા સહિત વિવિધ રાજકીય અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગામની બહેન દીકરીઓ દ્વારા કેબિનેટ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીને કુમકુમ તિલક કરીને ઘોડા પર સવાર કરાવીને રેલી સ્વરૂપે સન્માન સમારોહ સ્થળે લઈ જવામાં આવ્યા હતા. આ દરમિયાન શ્રી જીતુભાઈ વાઘાણીએ નાના સુરકા ગામના વડીલોના આશીર્વાદ લીધા હતા અને સાથી મિત્રોને હેતપૂર્વક મળ્યા હતા. મંત્રીશ્રીના સ્વાગત અને સન્માન સમયે ગ્રામજનોમાં ઉત્સાહનો સંચાર થયો હતો. આ પ્રસંગે શ્રી જીતુભાઈ વાઘાણીએ સમયને ઉચિત સંબોધન કરીને ગ્રામજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

કમલમ્,

લાભ પંચમના શુભ દિવસે "માતૃશ્રી ડેન્ટલ હોસ્પિટલ" નો શુભારંભ ભવ્ય રીતે કરવામાં આવ્યો. હોસ્પિટલના સંચાલક ડો. ભૂપતસિંહ કે. રાજપૂત (B.D.S.) દ્વારા આ નવી સુવિધા જનસેવામાં સમર્પિત કરવામાં આવી છે. આ અવસરે ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે શુભારંભ કર્યો અને સૌને શુભકામનાઓ પાઠવી. આ સંસ્થામાં દાંતની તમામ આધુનિક સારવાર સુવિધાઓ ઉપલબ્ધ છે, જે ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના લોકોને ઉચ્ચ ગુણવત્તાની સારવાર પૂરી પાડશે. મને વિશ્વાસ છે કે માતૃશ્રી ડેન્ટલ હોસ્પિટલ સમાજની સેવા માટે એક પ્રેરણાસ્રોત સાબિત થશે. ડો. ભૂપતસિંહ રાજપૂત અને તેમની ટીમને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા અને તેમની આ નવી શરૂઆત માટે શુભેચ્છાઓ પાઠવી આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ, પાટણના ધારાસભ્ય, હુડકોના ડિરેક્ટર, નગરપાલિકા પ્રમુખ, જિલ્લા પંચાયત સદસ્ય, બનાસ બેંકના ડિરેક્ટર, નગરપાલિકા સદસ્યો, પાટણ જિલ્લાના સંગઠનના હોદ્દેદારો, સામાજિક આગેવાનો, ડોક્ટર્સના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

બિલિયા ગામ ખાતે પટેલ ચતુરભાઈ નાથાલાલ અને પટેલ જોઈતીબેન ચતુરભાઈના જીવન પર્વની ભવ્ય ઉજવણી તેમના સંતાનો દ્વારા અત્યંત શ્રદ્ધા અને આનંદભેર આયોજન કરવામાં આવી, જેમાં ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત ને ઉપસ્થિત રહેવાનો સદભાગ્ય પ્રાપ્ત થયું, સંતાનો દ્વારા માતા–પિતાના સ્નેહ, ત્યાગ અને સંસ્કારને સમર્પિત આ ઉજવણી ખરેખર પ્રેરણારૂપ રહી. જીવન પર્વ માત્ર એક ઉજવણી નથી, પરંતુ પિતા- માતાની સેવા અને તેમની પ્રતિ પ્રતિષ્ઠા વ્યક્ત કરવાનો પાવન અવસર છે. તેમના સ્વસ્થ, દીર્ઘાયુષ્ય અને સુખમય જીવન માટે હાર્દિક શુભકામનાઓ પાઠવી. આવો કાર્યક્રમ સમાજમાં પરિવાર એકતા, સંસ્કાર અને વડીલો પ્રત્યેના સન્માનની ભાવનાને વધુ મજબૂત બનાવે છે. આવા પ્રસંગો સતત ઉજવાતા રહે અને આવતી પેઢી માટે પ્રેરણારૂપ બને તેવી શુભેચ્છાઓ. આ પ્રસંગે શ્રી કિર્તીભાઈ પટેલ, શ્રી વકેશભાઈ પટેલ, શ્રી એમ એચ પટેલ, શ્રી નાગરભાઈ પટેલ, શ્રી વિક્રમસિંહ ઠાકોર, શ્રી જશુભાઈ પટેલ, તેમજ ગ્રામ અને સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

ગિરનારની લીલી પરિક્રમા ના લાખો યાત્રિકોની સુરક્ષા અને સેવા માટે જિલ્લા વહીવટી તંત્ર કટિબદ્ધ

કમલમ્, જુનાગઢ

આગામીતા. ૨ નવેમ્બર થી શરૂ થનારી ગિરનારની લીલી પરિક્રમામાં લાખોયાત્રિકોની સુરક્ષા અને સેવા જળવાઈ રહે તે માટે જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્રની ટીમે તૈયારીઓ પૂર્ણ કરી છે. ખાસ કરીને પીવાનું શુદ્ધ પાણી, ઈમરજન્સીમાં સારવાર અને સુરક્ષા વ્યવસ્થા ઉપરાંત પ્લાસ્ટિક મુક્ત ગિરનારની પરિક્રમા રહે તે માટે જિલ્લા તંત્રએ યાત્રિકોના સહકાર સાથે કટિબદ્ધતા વ્યક્ત કરી છે. કલેક્ટર શ્રી અનિલ કુમાર રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને આજે કલેક્ટર કચેરીના સભાખંડમાં ગિરનારની લીલીપરિક્રમામાં જુદી જુદી કામગીરીમાંજોડાયેલા વિવિધ વિભાગોકચેરીઓના અધિકારીઓ સાથે સમીક્ષાબેઠક કરવામાં આવી હતી. આ બેઠકમાં રૂટ નિરીક્ષણ દરમિયાન ધ્યાનમાં આવેલા મુદ્દા તેમજ યાત્રિકોને પરિક્રમા દરમિયાન મુશ્કેલી ન પડે અને સારી રીતે પરિક્રમાયોજાય તે માટે વિવિધ સુવિધા પર જે તે ડિપાર્ટમેન્ટની તૈયારીની વિગતો જાણીને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયાએ જણાવ્યું હતુંકે ટીમવર્કથીપરિક્રમા દરમિયાન નિયત કામગીરી થાય અને સંકલન જળવાઈ રહેતે જરૂરી છે.પરિક્રમામાં લાખો ભાવિકોની સગવડતા માટેતંત્ર દ્વારા છેલ્લા એક -દોઢ મહિનાથીતૈયારીઓ કરવામાં આવીરહી છે. જેમાં રૂટ અને રસ્તા મરામત, પીવાનું પાણી અને આરોગ્ય અગ્રસ્થાને છે. પરિક્રમા દરમિયાન આ વ્યવસ્થાઓ જળવાઈ રહે તે માટે સમગ્ર ટીમ કામકરશે. યાત્રિકોનીસુરક્ષા અને સલામતી અને સારવાર માટે લાઈનડિપાર્ટમેન્ટનું સંકલન રહે તે માટે પોલીસ ,ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ હેલ્થ પાણી પુરવઠા અને પીજીવીસીએલના કર્મચારીઓ પોલીસ અને ફોરેસ્ટની રાવટીમાં હાજર રહે તેપ્રકારનું પ્રથમ વખત આયોજન કરવામાં આવ્યું છે. પોલીસ વિભાગ આ માટે ઓનલાઈન એન્ટ્રી કરશે. અને સંબંધિત વિભાગના કર્મચારીઓ અને અધિકારીઓ આ અંગેનું સેડ્યુલ અને ડ્યુટી લીસ્ટ પોલીસ વિભાગને આપશે. જેનો મુખ્ય આશય ઈમર્જન્સીમાં નાગરિકોની સહાયતાનો છે. સમગ્ર પરિક્રમા દરમિયાન વિવિધ વિભાગનું આયોજન અને તેમને કરવાની તૈયારી અંગે એસડીએમ જુનાગઢ શ્રી ચરણસિંહ ગોહિલે માહિતી આપી હતી. જેમાં અગાઉના અનુભવોના આધારે કરવાના થતા સુધારા અંગે કલેક્ટરશ્રીએ માર્ગદર્શન આપ્યું હતું. ફોરેસ્ટ વિભાગ દ્વારા પણ મહત્વની કામગીરી પરિક્રમા દરમિયાન કરવામાં આવે છે જેમાં ડી સી એફ શ્રી અક્ષય જોશીના માર્ગદર્શનમાં કરવામાં આવેલી તૈયારીઓ અને થઈ રહેલી કામગીરી ની માહિતી આપવામાં આવી હતી. જુનાગઢ મહાનગરપાલિકા દ્વારાખાસ કરીને ભવનાથ વિસ્તારમાં સતત રાઉન્ડ ધ ક્લોક સફાઈની કામગીરી થાય અને પાણી પુરવઠો જળવાઈ રહે અને ખાસ કરીને પ્લાસ્ટિક મુક્ત અભિયાનમાં કામગીરી કરવામાં આવશે તેની માહિતી આપવામાં આવી હતી. આજે ગિરનારના પરિક્રમા ના આયોજન ની તૈયારી માટે છેલ્લી યોજાયેલી મિટિંગમાં પોલીસ બંદોબસ્ત પાર્કિંગ સુરક્ષા વ્યવસ્થા અને સંકલન, રૂટ પર પ્રાથમિક સારવાર ,હંગામી દવાખાના અને ભવનાથમાં ઈમરજન્સી સારવાર, રૂટ પર સારવાર માટેએમ્બ્યુલન્સ, પીવાના પાણીના પોઈન્ટ અને પરિક્રમા દરમિયાન મુકવાની થતી પાણીની ટાંકીઓ, રીક્ષા ભાડાના ભાવ નિયંત્રણ, બીએસએનએલ કોમ્યુનિકેશન અને હંગામી ટેલિફોન કનેક્શન, કંટ્રોલરૂમ પર કલેક્ટર કચેરીનામાર્ગદર્શન હેઠળ કર્મચારીઓનીફાળવણી,ખાણીપીણી નાસ્ટોલનું આરોગ્ય જળવાઈ રહે તે માટે સતત ચેકિંગ, દૂધના ૩૦ પોઈન્ટ અને ત્યાં પ્લાસ્ટિક નો ઉપયોગ ના થાય તે માટે આયોજન, પ્લાસ્ટિક મુક્ત ગિરનાર અભિયાનનાભાગરૂપે પ્લાસ્ટિકની ચીજ વસ્તુઓ અંદર ન જાય તે માટે ચેકિંગ તેમજ યાત્રાળુઓનેઆ માટે માર્ગદર્શન, પરિવહન, બેગ અને લાકડી વિતરણ, સાતત્યપૂર્ણ વીજળી ઉપરાંતઅન્નક્ષેત્રો સ્વૈચ્છિક સંસ્થાઓ અને સાથે સંકલન, યાત્રાળુઓની સેવા કરતી સંસ્થાઓને વાહન પાસ, એસટી અને રેલવેની સ્પેશિયલ પરિવહન વ્યવસ્થા, ક્રેન, પરિક્રમાના રૂટ પર યાત્રિકોપ્લાસ્ટિકનો ઉપયોગ ન કરે તે માટે સાઈન બોર્ડ ગિરનાર પર વિવિધ વ્યવસ્થા જળવાઈ રહે તે માટે કરાયેલ કામગીરીનું સંકલન, સમીક્ષા અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. એસટી વિભાગ દ્વારા ૨૫૦ એક્સ્ટ્રા બસ પરિક્રમા માટે મૂકવામાં આવશે અને બસ સ્ટેશનથીભવનાથ સુધી ૬૦ મીની બસ ચલાવવામાં આવશે એમ એસ.ટીના ડિવિઝનલ કંટ્રોલર શ્રી રાવલેજણાવ્યું હતું.એસટીબસમાં પણ યાત્રાળુઓને ગિરનાર ની પરિક્રમામાં પ્લાસ્ટિક પર સંપૂર્ણ મનાય છે તેનું બોર્ડ મૂકવામાં આવશે. ગિરનારની પરિક્રમાના આખરી આયોજન અને થયેલી તૈયારી અંગેની બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર શ્રી તેજસ પરમાર, જિલ્લાવિકાસ અધિકારી શ્રીએચ.પી. પટેલ, પોલીસઅધિક્ષક શ્રી સુબોધ ઓડેદરા, ડી સી એફ શ્રી અક્ષય જોશી, અધિક કલેક્ટર સુશ્રી બી.એસ.બારડ,એસડીએમ શ્રી ચરણસિંહ ગોહિલ તેમજ ૩૭ જેટલા વિવિધ વિભાગ કચેરીના મુખ્ય અધિકારીઓઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

કડાણા તાલુકાના બચકારીયા ઉત્તર (કેસરપુરા) ખાતે રામદેવપીરના મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ધારાસભ્યશ્રી ડો.કુબેરભાઈ ડીંડોરે હાજરી આપી. આ તકે ભુલ સરપંચશ્રી પોપટભાઈ ડીંડોર અને ગામજનો વડીલો ભાઈઓ બહેનો હાજર રહ્યાં હતાં.

કમલમ્,

સિધ્ધપુર ગોકુલ મધ્યસ્થ કાર્યાલય ખાતે કાર્યકર્તાઓ સાથે યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના "મન કી બાત" ૧૨૭મો એપિસોડ ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે નિહાળી પ્રેરણાત્મક માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું.



કમલમ્,

સંતરામપુર નગર પ્રતાપપુરા (સાંગાવાડા હાઉસ) ખાતે દેશના યશસ્વી વડપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના સાહેબના મન કી બાત નો ૧૨૭ કાર્યક્રમ ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરે કર્મઠ કાર્યકર્તાઓ સાથે નિહાળ્યો. આ તકે બટકવાડા જિલ્લા પંચાયત સભ્યશ્રી પરષોત્તમદાસ પટેલ, મોટા આંબેલા સરપંચશ્રી અશોકભાઈ,મૃગરાજ બાપુ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી ખાતે શ્રી બાવન ગોળ પ્રજાપતિ સમાજ દ્વારા ત્રીસમો ઇનામ વિતરણ અને સ્નેહમિલન સમારોહ ભવ્ય રીતે યોજાયો. આ કાર્યક્રમ સમાજના સર્વાંગી વિકાસ અને એકતાનું પ્રતિક બની રહ્યો. સમારોહમાં ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત મુખ્ય અતિથિ તરીકે હાજરી આપીને પોતાના પ્રેરણાદાયી શબ્દો દ્વારા યુવાનોને ઉત્સાહિત કર્યા અને સમાજના વિકાસ માટે એકતા અને શિક્ષણના મહત્વ પર ભાર મૂક્યો. આ અવસરે સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું, જેઓએ શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને સમાજનું ગૌરવ વધાર્યું. તેમની સિદ્ધિઓને બિરદાવતા સમાજના આગેવાનો અને વડીલોએ યુવાનોને વધુ મહેનત અને સમર્પણ સાથે આગળ વધવા પ્રોત્સાહન આપ્યું. તે સાથે જ ગ્રેજ્યુએટ પુત્રવધૂઓનું સન્માન કરવામાં આવ્યું, જે સમાજમાં સ્ત્રી શિક્ષણ પ્રત્યેની જાગૃતિ અને પ્રગતિનો ઉત્તમ સંદેશ આપે છે. આ કાર્યક્રમ દ્વારા સમાજમાં શિક્ષણ, એકતા અને સમર્પણના મૂલ્યોને વધુ મજબૂત બનાવવામાં આવ્યા. સમગ્ર સમારોહ સૌહાર્દ, આનંદ અને ગર્વની ભાવનાથી પરિપૂર્ણ રહ્યો. આ પ્રસંગે શ્રી રમેશભાઈ પ્રજાપતિ, શ્રી મહેન્દ્રભાઈ પ્રજાપતિ, શ્રી વિનુભાઈ પ્રજાપતિ, ડો. ધનંજય પ્રજાપતિ, શ્રી ભાઈલાલભાઈ પ્રજાપતિ, શ્રી જીતેન્દ્રભાઈ પ્રજાપતિ, શ્રી આશિષ પ્રજાપતિ, શ્રી મીહીર પ્રજાપતિ, શ્રીમતી મીનાબેન પ્રજાપતિ, શ્રીમતી ગીતાબેન પ્રજાપતિ, શ્રી વિક્રમસિંહ ઠાકોર, શ્રી જસુભાઈ પટેલ, શ્રી સુરપાલસિંહ રાજપુત, સંગઠનના હોદ્દેદારો તેમજ પ્રજાપતિ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

સંતરામપુર નગરપાલિકા ફાયર સ્ટેશન ખાતે આદિવાસી વિકાસ મંડળ સંતરામપુર - કડાણા દ્વારા આયોજિત તેજસ્વી તારલાઓના સન્માન સમારોહમાં ધારાસભ્યશ્રી ડો.કુબેરભાઈ ડીંડોર સહભાગી થઈને પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓનું બહુમાન કર્યું. તમામ વિદ્યાર્થી મનગમતા ક્ષેત્રે સફળતા મેળવી વિકસિત ભારતની યાત્રામાં પોતાનું મહામૂલું યોગદાન અર્પે એજ અભ્યર્થના.

નિકોલ વિધાનસભામાં જે સ્નેહ મિલન થાય છે તે વિશેષ હોય છે કારણ કે અંહી જે ભોજન પ્રસાદ તૈયાર કરવામાં આવે છે તે કાર્યકર્તાઓએ આપેલ મુઠ્ઠીભર રાશનના યોગદાનથી બનાવવામાં આવે છે.-શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા

આજે મારી જેટલી જવાબદારી વધી છે તેટલી જ તમારી જવાબદારી પણ વધી છે. દરેક કાર્યકર્તાઓને નિકોલ વિધાનસભાને વધુ મજબૂત કરવાની જવાબદારી સોપુ છું.-શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા

દેશ અને રાજ્યમાં કેટલાય લોકો નાની-મોટી વસ્તુનુ ઉત્પાદન કરે છે તેમની વસ્તુનુ માર્કેટીંગની જવાબદારી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે લીધી અને તેમના બ્રાન્ડએમ્બેસેડર બન્યા છે, દેશની જનતાને આહવાહન કર્યુ કે, આત્મનિર્ભર ભારત બનાવવા માટે સ્વદેશી વસ્તુનો ઉપયોગ કરીએ. – શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા

કમલમ્,

ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માજીની વિશેષ ઉપસ્થિતિમાં નિકોલ વિધાનસભાના વિરાટનગર અને ઓઢવ વોર્ડ ખાતે નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં કણાંવતી મહાનગરના પ્રમુખશ્રી પ્રેરકભાઈ શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું. શ્રી પ્રેરકભાઈ કાર્યકર્તાઓને નવા વિષની શુભકામના પાઠવતા જણાવ્યું કે ઓદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે દેશને ૨૦૧૪થીઆત્મનિર્ભર ભારતનો સંકલ્પ આપ્યો છે અને તે માટે પ્રયત્ન પણ કર્યાછે.

કોરોના કાળમાં સ્વદેશી વેક્સીન અને માસ્ક બનાવવા પ્રેરીત કર્યાતમજ સરકારીમાંપણ સ્વદેશી હથિયારોનું ઉત્પાદન કરવા પ્રેરણા આપીછે. વડાપ્રધાનશ્રીહમેંશા કહે છેકે વોકલફોર લોકલ અને લોકલ ફોર ગ્લોબલ. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં આજે દેશ વિશ્વાસથી કહી શકેકે છેકે આકાશ આપણેજ કરી શકીશું સ્નેહમિલન કાર્યક્રમમાં શ્રી જગદીશભાઈ વિશ્વકર્માજીએ કાર્યકર્તાઓને નવા વર્ષની શુભકામના પાઠવતા જણાવ્યું કે, કાર્યકર્તાઓને તેમજ તેમના પરિવારજનને નવા વર્ષની શુભ કામના પાઠવી કે દરેક કાર્યકર્તાઓ અને ઉપસ્થિત સોનુ નવુ વર્ષ ખૂબ જ સુખદાયી નીવડે તેવી શુભકામનાપાઠવી. ભારતીય જનતા પાર્ટીના પ્રાથમિક કે સક્રિય સભ્ય હોવુ તે પણ એક સ્વાભિમાનની વાત છે. ભારતીય જનતાપાર્ટીના કાર્યકર્તાઓદિવાળી પછીસ્નેહ મિલના કાર્યક્રમો કરતા હોયછે. ગુજરાતમાંપણ ભાજપના તમામ કાર્યકર્તાઓ દિવાળી પછી સ્નેહ મિલન કાર્યક્રમ યોજાય છે જેમા બુથનો કાર્યકર્તા હોય કે ચૂંટાયેલપાંખના સભ્યોહોય તેમજ પ્રદેશકે રાષ્ટ્રીય સ્તરના કાર્યકર્તાઓ એક પરિવારની ભાવના સાથે જોડાય છે. નિકોલ વિધાનસભામાં જે સ્નેહ મિલન થાય છે તેમાં ભોજન પ્રસાદ કાર્યકર્તાઓને ઘરે આમંત્રણ આપીમુઠ્ઠીભર રાશનનું યોગદાનથી બનાવવામાં આવે છે આનાથી પરિવારની ભાવના વધુ દ્રઢ બને છે. આજે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ,દેશના ગૃહ મંત્રીશ્રી અમિતભાઇ શાહસાહેબ, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજી સહિત રાષ્ટ્રીય નેતૃત્વતેમજ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર ભાઈ પટેલ,શ્રી સી.આર.પાટીલ સાહેબે તમારા વચ્ચે રહેતા કાર્યકર્તાનું પ્રદેશ અધ્યક્ષતરીકેની જવાબદારી આપી.

આજે મારી જેટલી જવાબદારી વધીછે તેટલીજ તમારી જવાબદારી પણ વધી છે. દરેક કાર્યકર્તાઓનેનિકોલ વિધાનસભાને વધુ મજબૂત કરવાની જવાબદારી સોપુછું. શ્રીજગદીશભાઈએ વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે સાશન કાળની ધુરા સંભાળી તેને ૨૪ વર્ષ પુર્ણ થયા અને આજે ૨૫ વર્ષ ચાલી રહ્યુ છે. ગુજરાતના મુખ્ય મંત્રી થી લઈ આજે દેશના વડાપ્રધાન તરીકે પણ સતત પંડિત દિન દયાળ ઉપાધ્યાય જીની વિચારધારને અનુરૂપકામકરી રહ્યા છે.

આજે દેશના છેવાડાના માનવીને પણ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનીયોજનાનો લાભ મળેછે. વડાપ્રધાનશ્રીએદેશને એક સારુ સુશાસન આપ્યું, આતંકવાદ અનેભ્રષ્ટાચાર સામેઝીરો ટોલરન્સ નીતી અપનાવી અને ૨૧મી સદીના વિકાસમાં આજે ભારત સર્વોચ્ચ સ્થાને છે. વડાપ્રધાનશ્રીએ દેશની ૧૪૦કરોડ જનતામાટે જે જે વિકાસના પ્રકલ્પોના ખાતમૂહુર્તના કાર્યો કર્યા છે તેનુ લોકાર્પણ તેમનેજ કર્યુછે. આપણા સંસ્કૃતિક ધરોહરને સાચવવાનું કામ વડાપ્રધાન શ્રીએ કર્યુ છે. દેશવાસીઓમાં હર ઘર તિરંગા અભિયાન થકીરાષ્ટ્રવાદનો પ્રેમ વધુ મજબૂત બનાવ્યો છે. જન શક્તિ,ઉર્જા શક્તિ,જ્ઞાનશક્તિ અને રક્ષા શક્તિ થકી વડાપ્રધાનશ્રીએ નવા ભારતની પરિકલ્પના પુર્ણ કરવાનો પ્રયાસ કર્યો છે. આજે ગુજરાત આખા દેશનું નહી પણ વિદેશનુ પણ મેડિકલહબ, ટ્રેડિંગ્સ હબ,ટુરિઝમનુહબ બન્યું છે. આજે લાભપાંચના દિવસે વિશાળ સંખ્યામાંલોકો ઉપસ્થિત છેતે મારા માટે ગૌરવની વાત છે.

શ્રી જગદીશભાઈએ ગુજરાતમાં ટુરિઝમના વેગ અંગે જણાવ્યુંકે, આજેગુજરાતમાંસ્ટેચ્યુ ઓફ યુનિટીમાં આખા દેશ અને વિદેશમાં સૌથીવધારે ટુરિસ્ટ આવે છે અને તેના કારણે આજે આજુબાજુના વિસ્તારના લોકોને રોજગારીમળે છે.

સોમનાથ પહેલા જતા હશો અને આજે જતા હશો તેમા કેટલો બદલાવ આવ્યો છે તેવી જ રીતે અંબાજી,પાવાગઢ કે બહુચરાજી મંદિર હોય તે તમામ સ્થળે આજે ઘણો વિકાસ થયો છે. કરમાં ભુકપમા જે લોકોના મૃત્યુ થયુ હતુ તેમની યાદમાં ગાંધીધામમાં સ્મૃતિવન બન્યુ છે. વિદેશમાં જે લોકો ફરવાઆવતા હતાતેના કરતા આજે ભારત અને ગુજરાતમાં ટુરિસ્ટમાંનોંધપાત્ર વધારોથયો છે. ચોમાસામાં પાણીની સમસ્યા ના નિવારણ માટે વડાપ્રધાનશ્રીએ શરૂ કરેલ પ્રોજેકટને પરિપુર્ણ કરવા અંદાજે ૧૪૦૦ કરોડ રૂપિયા પુર્વ પડ્યા માટે મજૂર કર્યા છે તે મારી રાજકીય જીવનની અંદરખૂબ મોટુ કામ પુર્વ પડ્યાના લોકો માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીએકર્યું છેતેમનો જેટલો આભાર માનીએ તેટલોઓછો છે. આજે દર ૫૦૦મીટરે અમદાવાદ કોર્પોરેશનુ ગાર્ડન, અર્બુન હેલ્થ સેન્ટર,પાર્કીગ્પ્લોટ,કોમ્યુનીટી સેન્ટર કે કોર્પોરેશનની સ્કુલનુ નિર્માણ કરવામાં આવ્યુંછે આછે વિકાસની રજનીતી.

દેશને વિકાસની રાજનીતીમીલ્યે કોઈએઆપી હોય તો તે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબે આપી છે. શ્રીજગદીશભાઈએ મનકી બાતના કાર્યક્રમનોઉલ્લેખ કરતા જણાવ્યું કે,દેશ અનુ રાજ્યમાં કેટલાય લોકોએ નાની-મોટી વસ્તુનુ ઉત્પાદન કરે છે તેમની વસ્તુનુ માર્કેટીંગની જવાબદારી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈમોદીસાહેબેલીધીઅને તેમના બ્રાન્ડએમ્બેસડર બન્યા છે અને દેશની જનતાને આહવાહન કર્યું કે આત્મનિર્ભર ભારત બનેવવા માટે સ્વદેશી વસ્તુનો ઉપયોગ કરીએ. આ વખતે દેશના લોકોએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ના સ્વદેશી અભિયાનને ઝીલ્યો છે અને વડાપ્રધાનશ્રી ને સ્વદેશી વસ્તુની પ્રેરણા માટે આભાર માનતો પત્રો લખ્યા છે.

વડાપ્રધાન શ્રીએ દેશમાં ઓબેસીટી ઘટાડવા બહેનોને જંમવામાં રોજના ૧૦ટકા તેલનો ઓછો ઉપયોગ કરવા વિનંતી કરી છે તેને પણ સૌ બહેનો રોજીંદા જીવનમાં અપ્નાનેતનાથી આપણને સૌને લાભ થશે. નવાવર્ષમાં સંકલ્પ લેવા વિનંતી કરી કે મારુ આગણું, મારુ ઘર, મારી સોસાયટી અને મારો વિસ્તાર સ્વચ્છ રાખીશ, કચરો કચરા પેટીમાંજ નાખીશ આ સંકલ્પ લઈએ તો આપણા વિસ્તાર પણ સ્વચ્છ રહેશે. રાજ્યને પ્લાસ્ટીક મુક્ત બનાવીએ તો તેનો બહુ જ મોટો ફાયદોઆપણને સૌને થશે. દેશના વડાપ્રધાનશ્રીએ એક પેડમા કે નામનો સંકલ્પ આપ્યો છે તેમા આપણે સૌ એક વૃક્ષ વાવીએ તેનાથી ભાવી પેઢીને ફાયદો થશે અને આપણને પણ થશે. સરદાર સાહેબની ૧૫૦મી જન્મજંયતિ નિમિત્તે આખા દેશભરમાં ૧૦ દિવસ પદયાત્રા ચાલશે ત્યાર બાદ આખાદેશમાંથી લોકો કરમસદ આવશે અને કરમસદથી કેવડિયા ૧૫૦ કિમીની પદયાત્રા થવાની છે.સૌને વિનંતી કે સરદાર સાહેબન ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે સરદાર યાત્રામાં જોડાય તેનુ આમંત્રણ પાઠવુછું. આ કાર્યક્રમમા શહેરના પ્રમુખશ્રી પ્રેરક ભાઈ શાહ,સાંસદ શ્રી હસમુખ ભાઈ પટેલ, કર્ણાવતી મહાનગરના મંત્રીશ્રી પરેશભાઈ, પ્રદેશ સો.મીડિયાના ક્નવીનર રશ્મી મનનભાઈ દાણી,વોર્ડના પ્રમુખશ્રી ધર્મેશભાઈ,નિકોલ અને ઓઢવ વોર્ડના કોર્પોરેટરશ્રીઓ સહિત કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વન- પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા તથા અન્ના - નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકીએ વિધિવત રીતે પદભાર સંભાળ્યો

કૃષિ રાજ્ય મંત્રી શ્રી રમેશભાઈ કટારા તથા આદિજાતિ રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડાએ પણ ચાર્જ સંભાળ્યો

કમલમ્,

વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા તથા અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકીએ સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર ખાતે પૂજન-અર્ચન બાદ હોદ્દાનો વિધિવત રીતે પદભાર સંભાળ્યો હતો. આ ઉપરાંત કૃષિ રાજ્ય મંત્રી શ્રી રમેશભાઈ કટારાએ તથા આદિજાતિ રાજ્ય મંત્રી શ્રી પી.સી. બરંડાએ પણ સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે ભગવાનની પૂજા-અર્ચના બાદ હોદ્દાનો ચાર્જ સંભાળ્યો હતો. મંત્રીશ્રીઓએ ચાર્જ સંભાળ્યો તે પ્રસંગે વિવિધ પદાધિકારી-અધિકારી અને કર્મચારીઓ સહિત અનેક શુભેચ્છકોએ તેમને શુભેચ્છા પાઠવી હતી.

GP-SMASH: સોશિયલ મીડિયા મારફતે રાજ્યના નાગરિકો સાથે કનેકટ થવા ગુજરાત પોલીસની પ્રસંશનીય પહેલ

રાજ્યના નાગરિકોની રજૂઆતનું X પ્લેટફોર્મ ઉપરથી ગણતરીના કલાકોમાં નિરાકરણ લાવવામાં આવી રહ્યું છે

કમલમ્,

રાજ્યનામુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વ અને નાયબ મુખ્ય મંત્રીશ્રી હર્ષસંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્ય પોલીસ વડા શ્રી વિકાસ સહાયે ગુજરાત પોલીસની એક અનોખી અને અદ્યતન પહેલ – **GP-SMASH** (ગુજરાત પોલીસ - સોશિયલ મીડિયા મોનિટરીંગ, અવેરનેસ એન્ડ સિસ્ટમેટિક કેન્ડલિંગ)નો તા.૧લી માર્ચ-૨૦૨૫થી આરંભ કર્યો છે.

આપહેલ અંતર્ગત રાજ્યના નાગરિકોના ખુબ સારા પ્રતિભાવોમળી રહ્યાછે. અત્યાર સુધીમાં રજૂઆત-પ્રશ્નોને સંબંધિત જિલ્લા, રેન્જ કે એકમના વડાને ટેગ કરી તેનું સમયસર નિરાકરણ લાવવા સૂચના આપવામાં આવી છે. આ પહેલનો મુખ્ય હેતુ સોશિયલ મીડિયા પર રાજ્યના નાગરિકો દ્વારારજૂ થતીચિંતાઓ, ફરિયાદોઅને સૂચનોને સંવેદના સાથે જવાબદારીપૂર્વક સાંભળવી, ઝડપથી યોગ્ય અધિકારી સુધી પહોંચાડવી અને સમયસર તેનો ઉકેલ લાવવાનો છે.

GP-SMASH કેવી રીતે કાર્ય કરે છે?

GP-SMASH સોશિયલ મીડિયા અવેરનેસ તેમજ મોનિટરીંગ પ્રોજેક્ટ છે, જેમાં સ્ટેટ લેવલથી એક રેકિકેટેડ ટીમ 24*7 સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરપોસ્ટ થતી પોલીસ વિભાગને સ્પર્શતી અને ગુના સંબંધિત પ્રવૃત્તિઓ, ફરિયાદો કે સારા કાર્યને રિયલ ટાઈમવોચ કરે છે. આટીમ ગુજરાત પોલીસના ૮હેન્ડલ ટેગકરીને કરવામાં આવેલીપોસ્ટને ગણતરીની મિનિટોમાં રિસ્પોન્સઆપે છે. ત્યાર બાદલો એન્ડઓર્ડર, ટ્રાફિક સમસ્યા, પ્રોહીબિશન, સાયબર ક્રાઇ, સરકારી અધિકારી કર્મચારી દ્વારા લાંચ માંગણી કે દુર્વ્યવહાર જેવા વિવિધ પ્રશ્નો સંદર્ભે તાત્કાલિક સંબંધિત રેન્જ, જિલ્લા કે એકમના વડાનેતે જપોસ્ટ ઉપરથી જરૂરી તપાસકરીને યોગ્ય કાર્યવાહી કરવાસૂચના આપવામાં આવે છે. આ પોસ્ટ અંગે શું કાર્યવાહી કરી તે અંગે પણ સંબંધિતજિલ્લા, રેન્જ કે એકમનાવડા તેમનીટીમને ત્વરિત કાર્યવાહી કરવા સૂચના આપશેઅને સમય મર્યાદામાંતેમણે કરેલી કામગીરીકે લીધેલાએકશન તેજ પોસ્ટ પર કોમેન્ટ કરી અપડેટ કરે છે. રાજ્ય સ્તરનીટીમ ઉપરાંતરેન્જ વડા અને જિલ્લા પોલીસ વડા એમ ત્રણ લેવલથી આ બાબતનું સતત મોનિટરિંગકરી પોલીસેકરેલી કામગીરીનેટ્રેક કરવામાં આવેછે.

અત્યાર સુધીમાં ૮૫૦થી વધુ સમસ્યાઓનો સકારાત્મક નિકાલ

GP-SMASH પહેલનોઅમલમાર્ચ-૨૦૨૫થી કરવામાંઆવ્યો છે.ત્યારથી અત્યાર સુધીમાં લૉએન્ડ ઓર્ડર, ડીઆઈજી શ્રીદીપક મેઘાણીના નેતૃત્વમાં**GP-SMASH** ટીમે ૮૫૦થી વધુ નાગરિકોની રજૂઆતોને સંબંધિત અધિકારીઓ સુધી પહોંચાડી તેમના પ્રશ્નો ગણતરીના કલાકોમાંઉકેલી દેવામાંઆવ્યા છે, જે જન સંવાદમાટે એક મોટી સફળતા છે.

પોલીસ માત્ર સિંગલ ક્લિક દૂર હોવાથી ગુજરાત પોલીસ સતત પોતાની સાથે હોવાનો નાગરિકોને થઈ રહ્યો છે અહેસાસ

GP-SMASH પ્રોજેક્ટને પ્રતિષ્ઠામેરાજ્યના નાગરિકો હવેપોલીસ માત્ર એક સિંગલ ક્લિક દૂર હોવાથી ગુજરાત પોલીસ સતત પોતાની સાથે હોવાનો સુરક્ષિત અહેસાસ કરીરહ્યા છે. સોશિયલ મીડિયા પરના પ્રશ્નો હવે માત્ર 'ટ્રેન્ડ' નહીં રહી, તાત્કાલિક જવાબદારોસામે પગલા લેવાય છે. પરિણામે, નાગરિકોની પોલીસ પ્રત્યે ની વિશ્વસનીયતા અને સુરક્ષાની અનુભૂતિમાંનોંધપાત્ર વધારો થયો છે. **GP-SMASH** એ માત્ર ડિજિટલ મોનિટરીંગ પૂરતું નહીં પણ એક જવાબદાર અને ટેકનોલોજીથી સંલગ્ન પોલીસ વ્યવસ્થા તરફએક મજબૂત પગલું છે.



કમલમ્,

વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા જી, મંત્રીશ્રી સંજયસિંહ મહિડા, મંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગા અને મંત્રીશ્રી સંજયભાઈ પટેલ એ વિધિવત રીતે પદભાર સંભાળ્યો. આ અવસરે મેયર શ્રી મીરાબેન પટેલે તેમને રૂબરૂ મળીને અભિનંદન સહ સફળ કાર્યકાળની શુભકામનાઓ પાઠવી હતી.